# જિંદગી, તને...

શ્વાસ અને ઉચ્છ્વાસની વચ્ચે ધબકે છે તું.
ઑક્સિજન હવામાં હોય, પણ શરીરમાં જિંદગી,
તને જ્યારે જોઉં છું ત્યારે તું નવી લાગે છે.
તારા વિશે દરેક માણસ પાસે
પોતાનો એક અભિપ્રાય છે.
દરેક વ્યક્તિ જાણે તારા વિશે
બધું જ જાણતા હોય એમ વાત કરે છે
અને છતાંય તું સૌ માટે અજાણી છે...
જિંદગી, જીવન, લાઇફ, હયાત
જેવાં કેટલાંય તારાં નામ છે,
પણ અંતે તો તું 'શ્વાસ' છે.
ગરમ લોહીની એક અનુભૂતિ છે...
હૂંફાળી હથેળીનો અનુભવ છે...
આંખોમાં છલકાતા ચૈતન્યનો ફુવારો છે તું!

અમે ભાગ્યે જ અમારા શ્વાસની
આવન-જાવન પર ધ્યાન આપીએ છીએ.
રેસ્પિરેટરી સિસ્ટમ - શ્વસનતંત્ર
એનું કામ કર્યા કરે અને અમે અમારું.
કાનથી સાંભળીએ છીએ... જીભ પર સ્વાદ લાગે છે,
ગરમ-ઠંડાની લાગણી થાય છે,
ગમો-અણગમો-કંટાળો સમજાય છે,
પણ આ બધા પછી 'હોવાની' અનુભૂતિ
હજીયે અમને પૂરેપૂરી સમજાતી નથી.

જ્યાં સુધી શ્વાસ બંધ ન થઈ જાય ત્યાં સુધી
એનું મહત્ત્વ સમજતાં નથી અમે,
આંખથી જોઈએ છીએ પણ 'આંખ'માં નથી જોતાં.
બોલી નાખીએ છીએ – કહી નાખીએ છીએ
પણ અમારા જ શબ્દો વિશે અમને જ
કોઈ સમજ નથી – સંતુલન નથી.
'સાચું કહી દેવું', 'મોઢે ચોપડાવી દેવું' કે પછી 'સારું લગાડવું',
'મીઠું બોલવું' જેવું ચાલ્યા કરે પણ સંવાદ નથી કરતાં,
ન સ્વજન સાથે, ન સ્વયં સાથે!
એક પ્રકારનો આડંબર અને દંભ લઈને જીવ્યા કરીએ છીએ...

જિંદગી તારી સાથે ઓળખાણ થઈ ત્યારથી
એક નવી જાતની સમજ કેળવાવા લાગી છે.
તારી સાથે સંવાદ કરવાની ઇચ્છા થાય છે, જિંદગી!
આમ તો અમે જ બોલીએ છીએ
અને તું ચુપચાપ સાંભળે છે...
અમે તારી ભાષા, તારા શબ્દો,
તારો અવાજ સાંભળ્યો જ નથી...

સાંભળ્યો હશે તો ઓળખી શક્યાં નથી,
પણ તું બોલે છે એની અમને ખબર છે.
તારા શબ્દો ક્યારેક આશીર્વાદ, ક્યારેક ચમત્કાર,
ક્યારેક હાય! તો ક્યારેક દુઆ – બદ્દુઆ બનીને
અમારા સુધી આવે જ છે...

હમણાંથી તારો અવાજ સાંભળી શકું છું, હું.
પ્રેગ્નન્સીના પૉઝિટિવ ટેસ્ટમાં,
નવા જન્મેલા બાળકના રુદનમાં,
પતિ-પત્નીના અબોલ સ્નેહમાં,
પ્રિયજન માટે ઝૂરતી વ્યક્તિની આંખોમાં,
વર્ષો સુધી નહીં મળેલા કોઈ વ્યક્તિના વિચાર સાથે જ
આંખમાં ધસી આવતાં આંસુમાં,

સુખની ક્ષણને યાદ કરીને
ચહેરા પર આવી જતા સ્મિતમાં...

સંઘર્ષમાં, સુખમાં, સફળતામાં, સવાલોમાં, સમજદારીમાં,
સ્નેહમાં, સંજોગોમાં, શ્રદ્ધામાં, સમતામાં, સેવામાં,
સરળતામાં, સ્પષ્ટતામાં, સ્વીકારમાં, શાંતિમાં, સમભાવમાં,
સંવેદનામાં, સત્યમાં... સભરતામાં અને
શ્વાસમાં સતત તું જ તો હોય છે!

આ પત્રો તને લખું છું એવું કહેવા કે
હું હવે તને નવાઈથી જોઉં છું!
એક બાળકના કુતૂહલથી... કોઈ સૂફી સંતની સમતાથી...
કોઈ સ્નેહસભર પ્રિયજનની આંખોથી તને જોતાં શીખું છું.
તું પળેપળે મને જુદી લાગે છે –
તારાં આપેલાં સુખ-દુઃખ, સંજોગો, સમસ્યાઓ,
સફળતાઓ અને નિષ્ફળતાઓમાંથી ટપકતાં
સ્નેહ સાથે જીવતાં શીખું છું...
આ પત્રો તને લખ્યા છે, જિંદગી!

તારાં આટલાં બધાં રૂપ
અને આટલાં બધાં નામો સાથે ભલે જુદી જુદી લાગે,
પણ તું છે તો એ જ... એક જ... અમારી સૌની, જિંદગી!